# સાબરકાંઠાની અનુદાનિત પ્રાથમિક શાળાઓએ કોશન મની પરત કરવા આદેશ

## ત્રીસ દિવસમાં કાર્યવાહી કરી તંત્રને જાણ કરવી પડશે

હિંમતનગર, તા. ૧૧

રાજય સરકાર દ્વારા અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ પાસેથી કોશમનમની નામે લેવાતા નાણાં જે તે વિદ્યાર્થી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ એલસી લઈને પરત જાય છે ત્યારે તેવા વિદ્યાર્થીઓને કોશનમની પરત આપવા માટે ઘડેલા કાયદાનો ભંગ થાય છે ત્યારે શિક્ષણ વિભાગે કોશનમનીના નામે લેવાયેલા નાણાં જે તે વિદ્યાર્થીને એક માસની અંદર પરત કરવા આદેશ કરાયા છે.

આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં આવેલી અનુદાનિત ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ પાસેથી સંચાલકો કોશનમનીના નામે નાણાં પડાવે છે પરંતુ તેઓ ભણીને સ્કૂલ છોડીને જાય છે ત્યારે તેમને કોશનમનીના નામે લેવાયેલા નાણાં પરત કરવામાં આવતા નથી અને આ નાણાં સંચાલકો પોતાના અંગત ઉપયોગમાં વાપર છે જે અંગેની અનેક ફરીયાદો બાદ રાજય સરકારે ફી નિર્ધારણનો કાયદો બનાવીને તેનો અમલ શરૂ કર્યો છે.

જો કે કેટલાક સંચાલકો આ મામલે કોર્ટમાં ગયા હતા પરંતુ નામદાર કોર્ટે સરકારે ઘડેલા કાયદાને યોગ્ય ગણાવ્યો છે ત્યારે રાજ્ય સરકારને તેનો અમલ કરાવવા માટે મોકળુ મેદાન મળ્યુ છે જે અંતર્ગત રાજ્ય સરકારના પ્રાથમિક નિયામક દ્વારા તાજેતરમાં તમામ જિલ્લાઓના પ્રાથમિક શિક્ષણાધિકારીઓને આદેશ કરી કોશનમનીના નામે લેવાયેલા નાણં જે તે વિદ્યર્થીને ત્રીસ દિવસમાં પરત કરી તેની જાણ શાળાના આચાર્ય અથવા સંચાલકે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને કરવાની રહેશે.

# જર જમીન અને જોરૂ-ત્રણે કજિયાના છોરું

# જેતવાસમાં જમીનની તકરારમાં આદિવાસી યુવકની હત્યા

જર જમીન અને જોરૂ- ત્રણે કજિયાના છોરું ઉક્તિને સાર્થક કરતો બનાવ દાંતા તાલુકા ના જેતવાસ ગામ ખાતે બન્યો છે. જેમાં જમીનની તકરારમાં એક આદિવાસી યુવકની હત્યા થતા ચકચાર મચી જવા પામી છે. મૃતકના સ્વજન ઉમેશભાઈના જણાવ્યા મુજબ, અંબાજીથી ૫ કિલો



મીટરથી દૂર આવેલ જેતવાસ ગામમાં જમીનની તકરારમાં ૪૫ વર્ષીય યુવકની છરીના ઘા મારી હત્યા કરવામાં આવી હતી. લાંબા સમયથી ચાલતા જમીન વિવાદને લઈને બસુભાઈ કાળાભાઈ પરમારની છરીના ઘા મારીને હત્યા કરી દેવામાં આવી હતી. પાલનપુર સિવિલમાં સારવાર દરમિયાન બસુભાઈ પરમારનું મોત નિપજ્યું હતું. ત્યારે પોલીસે મૃતદેહને પી.એમ.માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરમાં અજાણ્યા શખ્સે એટીએમની સ્વીચ ઓફ કરી એસબીઆઈ બેંકને ચૂનો લગાડ્યો

જિલ્લા મથક પાલનપુરમાં દિલ્હી ગેટ વિસ્તાર આવેલ એસબીઆઈ બેન્કના એટીએમમાં એટીએમમાંથી પૈસા કાઢી તરત જ સ્વીચ બંધ કરી ટ્રાન્જેકશન એન્ટ્રી




જ ન પડે તેવી તરકીબ અજમાવી અજાણ્યા શખ્સો એ રૂપિયા ૯૨,૫૦૦ ઉપાડી બેન્ક ચૂનો લગાડતા બેન્ક ના મેનેજર એ પૂર્વ પોલીસ મથક માં ફરિયાદ નોંધાઈ છે હાલ માં બેન્ક ના મેનેજર એ એટીમ ના અજણ્યા શખ્સો ના સીસી ફૂટેજ પોલીસ ને આપતા પોલીસ એ તાપસ હાથધરી છે આવી ઘટનામાં એટીએમમાંથી પૈસા કાઢી તરત જ સ્વીચ બંધ કરી ટ્રાન્જેકશન એન્ટ્રી જ ન પડે તેવી તરકીબ અજમાવાની વિગત કંઈક એવી હોય છે કે એટીએમમાં પૈસા ટ્રેમાં આવતાની સાથે જ એટીએમની સ્વીચ ઑફ કરી દેવામાં અને તરત ચાલુ કરી દેવામાં આવે તો એટીએમના ટ્રાન્ઝેકશનમાં તેની એન્ટ્રી આવતી નથી. જેથી બેંકમાં આ પૈસાની માંગણી કરી શકાય છે. તેમજ . જે. પી. રોલમાં એન્ટ્રી ન મળે તો કોઈ પણ ગ્રાહક આ પૈસાનો જે તે બેંકમાં કલેમ કરી શકે છે અને જે બેંકનુ એટીએમ હોય તે બેંકે કાર્ડ હોલ્ડરની બેંકને જેપી રોલના આધારે પેમેન્ટ કરવું પડે છે.અગાઉ આવી જ ઘટના હિંમતનગરમાં બની હતી જેમાં પંજાબના બે શખસો દેના બેન્ક મેનેજરની સતર્કતાથી ઝડપાઈ ગયા હતા. આવી ઘટનાનું પુનરાવર્તન પાલનપુરમાં એસબીઆઈ બેન્કના એટીએમમાં થતા બેન્ક કર્મચારીઓ દોડતા થઈ ગયા છે.






સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ શ્રી સી.એસ.દેસાઈ ટેકનિકલ ઈન્સ્ટીટયુટ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સી.એસ.દેસાઈ આઈ.ટી.આઈ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તાલિમમાર્થી વિદ્યાર્થીઓ દ્વારા નાટક , ગરબો , રાસ , આદિવાસી નૃત્ય જેવાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈને વિદ્યાર્થીઓએ બહારથી આવેલ મહેમાનો તથા વાલીઓ તથા પ્રક્ષકોના દિલ જીતી લીધાં હતાં.

# આજે સાબરકાંઠાની ખાનગી શાળાઓમાં વાલીઓ બાળકોને નહિ મોકલે

હિંમતનગર, તા. ૧૧

સરકાર દ્વારા ખાનગી શાળાઓમાં મનમાની કરીને સંચાલકો વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી ફીના નામે અઢળક નાણાં પડાવે છે ત્યારે તેના પર રોક લગાવવા માટે સરકારે કાયદો અમલી બનાવ્યો છે. ત્યારે તેને સમર્થન કરવા માટે અમદાવાદ જિલ્લા વાલીમંડળે શુક્રવારે સ્કૂલ બંધનું એલાન આપ્યુ છે જેને સાબરકાંઠા જિલ્લાના વાલીઓએ સમર્થન કરીને બાળકોને શુક્રવારે સ્કૂલમાં નહિ મોકલવાનું નક્કી કર્યુ છે.

આ અંગે કેટલાક જાગૃત વાલીઓએ નામ ન આપવાની શરતે જણાવ્યુ હતુ કે સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર સહિત પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, પોશીના, ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં મળી અંદાજે ૭૦થી વધુ ખાનગી શાળાઓના સંચાલકો દ્વારા છાશવારે નિયમો બનાવીને બાળકો પાસેથી મનમાની ફી વસુલ કરે છે જેના કારણે વાલીઓ નારાજ હોવા છતાં બાળકના ભવિષ્યને ધ્યાનમાં રાખીને કશુ કરી શકતા નથી.

જો કે આ અંગે રાજ્ય સરકારે કાયદો બનાવીને ત્રણ વર્ષ માટે એક સરખી ફી લેવાનો કાયદો બનાવ્યો છે તેના કારણે ખાનગી શાળાના સંચાલકોના પેટમાં તેલ રેડાય તે સ્વાભાવિક છે. પરંતુ સરકાર આ કાયદાનું પાલન કરાવવા માટે કટીબદ્ધ છે ત્યારે અમદાવાદ જિલ્લા વાલીમંડળે આ કાયદાને સમર્થન આપી ખાનગી શાળાઓના સંચાલકોની મનમાનીના વિરોધમાં શુક્રવારે શાળા બંધનું એલાન આપીને સાબરકાંઠા જિલ્લાની ખાનગી શાળાઓમાં ભણતા બાળકોને એક દિવસ સ્કૂલમાં નહિ મોકલવાની અપીલ કરી છે જેને વાલીઓએ પણ સમર્થન આપ્યુ છે જેના કારણે શુક્રવારે ખાનગી શાળાઓમાં ભણતા બાળકોને એક દિવસ સ્કૂલમાં નહિ મોકલવાની અપીલ કરી છે જેને વાલીઓએ પણ સમર્થન આપ્યુ છે જેના કારણે શુક્રવારે ખાનગી શાળાઓમાં શૈક્ષણિક કાર્ય થશે કે નહિ તે જાણવા મળશે.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રખંડ વિશ્વહિન્દુ પરિષદ ની મહિલાઓ દ્વારા પ્રાંતિજ વિસ્તારમાં ગરીબી રેખા હેઠળ જીવતા વિસ્તારોમાં દાળ- ચોખા સહિત કપડાંઓનુ વિતરણ કરવામાં આવ્યું. પ્રાંતિજ પ્રખંડ વિશ્વ હિન્દુ પરિષદ માતૃશકિતની સેવાભાવી મહિલાઓએ પ્રાંતિજ શહેરમાં ભાંખરીયા ટેકરા વિસ્તારમાં રહેતાં જરૂરીયાત મંદોને ઉત્તરાયણ પર્વ અંતર્ગત મંગલ મહોત્સવની ઉજવણી નિમિત્તે ગરીબી રેખા હેઠળ જીવતા લોકોનાં ધરે ધરે જઈને ચોખા- દાળ સહિતની કરીયાણાની કીટ સાથે કપડાંઓનું વિતરણ કર્યુ હતું જેમાં ઇડરના મનીષાબેન પંડિત, સર્મીષ્ટાબેન ખમાર, ભારતીબેન ખમાર, ચંદ્રીકાબેન પટેલ, કલાબેન પારેખ, અરવિંદભાઈ ખમાર ઉર્ફે પશા રાજા ઉપસ્થિત રહીને જરૂરીયાતમંદોને પોહચાડ્યુ હતું.

# સિધ્ધાર્થનગરની મહિલાના ગળામાંથી દોરો લૂંટાયો

હિંમતનગર, ૧૧

હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ સિધ્ધાર્થનગરમાં રહેતી એક મહિલાના ગળામાંથી બુધવારે બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો પૈકી પાછળ બેઠેલ શખ્સે રૂ. ૪૦ હજારની કિંમતના સોનાના દોરાનીલૂંટ કરી ભાગી ગયો હતો. જે અંગે મહિલાએ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

આ અંગે સિધ્ધાર્થનગરમાં રહેતા મંજુલાબેન નટુભાઈ સકસેનાના જણાવ્યા મુજબ તેણી બુધવારે સાંજના સુમારે ઝરણેશ્વરમંદિર રોડ પરથી પસાર થતા હતા ત્યારે બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો પૈકી બાઈક પાછળ બેઠેલ ૩૦ વર્ષની ઉંમરના એક શખ્સે મંજુલાબેને ગળામાં પહેરેલ અંદાજે રૂ. ૪૦ હજારની કિંમતના દોઢ તોલા સોનાના દોરાની લૂંટ કરી ભાગી ગયો હતો. જે અંગે મંજુલાબેને આજાણ્યા બાઈકસવાર વિરૂદ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.



પોશીના તાલુકાના અજાવાસ અને ચંદ્રાણા ગામમા ભારત વિકાસ પરીષદ ઈસનપુર અમદાવાદ શાખા દ્વારા ગુજરાતના છેવાડે રહેતા આદિવાસી બાળકો તેમજ વૃધ્ધ સ્ત્રી પુરુષોને ધાબડા તેમજ બાળકોને ગરમ કપડા અને નાસ્તાનુ વિતરણ કરવામા આવ્યું હતુ. આ પ્રસંગે ઈસનપુર શાખાના સભ્ય વિનોદભાઈ શાહ જેઓ ભારત વિકાસ પરિષદના રીયોજનલના હોદ્દા ઉપર છ. તેમની સાથે રજનીકાન્તભાઈ ભયાણી, કેનીલભાઈ ભયાણી દ્વારા બાળકો માટે ૫૦૦ ગરમ ટોપી અને ૮૦ ધાબળાનુ વિતરણ કરાયુ હતુ. સાબરકાંઠા ગાંધીનગર વિભાગના મંત્રી નીકેશભાઈ સંખેસરા તેમજ ભારત વિકાસ પરિસદ ખેડબ્રહ્મા શાખાના ઉપપ્રમુખ વિષ્ણુભાઈ પ્રજાપતિ તથા ભરત ચૌહાણ હાજર રહ્યા. ભારત વિકાસ પરિષદ વનવાસી માટે અનેકવિધ સેવાકીય કાર્યક્રમો કરે છે.

# પાલનપુર ખાતે હરિભાઈ ચૌધરી દ્વારા સન્માનમાં મળેલી શાલ વિતરણ કાર્યક્રમ

ભારત સરકાર મંત્રી અને બનાસકાંઠાના સાંસદ હરિભાઈ ચૌધરીને વર્ષ દરમ્યાન સન્માન રૂપે મળેલી શાલને શિયાળાની કડકડતી ઠંડીમાં જરૂરિયાત મંદ ગરીબ લોકોને વિતરણ કરીને લોકસેવક તરીકેનું ઉમદા ઉદાહરણ પૂરું પાડે છે.



જીલ્લા મથક પાલનપુરમાં આવેલ પતાળેશ્વર મહાદેવ મંદિર ખાતે ગત સાંજે કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી એ પોતાને રાજકીય, સામાજીક અને વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માનમાં મળેલી વર્ષ દરમ્યાન શાલ ને એકત્ર કરી તમામ શાલને કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી ખુદ શિયાળાની કડકડતી ઠંડીમાં ફૂટપાથ પર સુતેલા ગરીબ લોકોને ખુદ શાલ ઓઢાડીને લોકસેવક તરીકેની સરાહતા મેળવી હતી. આ પ્રસંગે પાલિકા પ્રમુખ નીલમબેન જાની, શાસકપક્ષના નેતા હસમુખભાઈ પઢીયાર, શહેર ભાજપ પ્રમુખ મુન્નાલાલ ગુપ્તા, શહેર યુવા મોરચાના પ્રમુખ અશોકભાઈ પટેલ, મહેશભાઈ ઠક્કર સહિત કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસાના રાજપુર વ્હોળા વિસ્તારમાં બિનઅધિકૃત બાંધકામ મામલે પાલિકાની બે મોઢાની વાત

ડીસા, તા. ૧૧

બનાસકાંઠાના મુખ્ય વેપારી મથક ડીસા શહેરમાં જનસુખાકારીની સવલતો વધારવાની સૂફીયાણી વાતો કરી રહેલા પાલિકાતંત્રની બોલતી દબાણોના મામલે કોઈ અગમ્ય કારણોસર બંધ થઈ જાય છે અને દબાણની જગ્યાઓ પણ બિન અધિકૃત રીતે કરાતાં બાંધકામોના મામલે પણ પાલિકાના બાબુઓની વાણી અને વર્તન બદલાઈ જાય છે. ડીસામાં છાશવારે ગરીબોના ઝુંપડા નિર્દયતાપૂર્વક તોડી પાડતું પાલિકા તંત્ર માથાભારે દબાણદારો સામે ઘૂંટણીયા ટેકવી દે છે. આવી પ્રત્યક્ષ પ્રતીતિ હાલ ડીસાના રાજપુર વ્હોળા વિસ્તારમાં થઈ રહી છે.

ડીસાના રાજપુર લોધવાસના ઢાળ વિસ્તારમાં હાલ વાણિજ્યક હેતુ માટે ત્રણ દુકાનો બંધાઈ રહી છે. આ દુકાનો દેખીતી રીતે જ દબાણની જમીન પર બંધાતી હોવા છતાં પાલિકાતંત્રએ હોઠ સીવી લીધા છે. અગાઉ ગત ૨૧મી ડિસેમ્બરે ખુદ પાલિકાતંત્રએ આ દુકાનો દબાણની જગ્યા પર બંધાતી હોવાની શંકા વ્યક્ત કરી દબાણદારને જમીનની માલિકી અંગેના આધાર પુરાવા ત્રણ દિવસમાં પાલિકા કચેરીમાં રજૂ કરવાની તાકીદ સાથે નોટિસ ફટકારી હતી. આ નોટિસમાં દુકાનોનું બાંધકામ પણ પાલિકાની પરવાનગી વગર જ થતું હોવાનો દાવો ખુદ પાલિકાતંત્રએ જ કર્યો હતો. જોકે હવે આ બાંધકામ સામે સ્થાનિક રહીશોમાં ઉહાપોહ સર્જાયો છે અને મામલો ધારાસભ્ય સુધી પણ પહોંચી ગયો છે ત્યારે હવે પખવાડિયા પૂર્વે જ દબાણદારને પોતાની સહી સાથેની નોટિસ આપી ચુકેલા પાલિકાના મુખ્ય અધિકારી આ મામલે કાર્યવાહી કરવામાં ગલ્લા તલ્લા કરી રહ્યા છે અને પાલિકાના વલણમાં આવો બદલાવ આવતા આ વિસ્તારના લોકો પણ અચરજ અનુભવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે બિન અધિકૃત રીતે થઈ રહેલા આ બાંધકામના મામલે આ વિસ્તારમાં ભારે ઉહાપોહ જોવા મળી રહ્યો છે અને નજીકના ભવિષ્યમાં જ આ મામલે ગરમાવો સર્જાય તેવી પુરી શક્યતાઓ જોવા મળી રહી છે ત્યારે પાલિકા તંત્ર કોઈ શહેશરમમાં આવી જવાના બદલે આ મામલે સમયસર લાલ આંખ કરી યોગ્ય કાર્યવાહી હાથ ધરે તે ઈચ્છનીય છે.

# પાલનપુરના યુવક અપહરણ કેસના ૪ આરોપીઓ ઝડપાયા

## યુવતીને ભગાડનારની માહિતી જાણનાર યુવકનું કરાયું હતું અપહરણ

પાલનપુરમાંથી એક યુવક યુવતીને ભગાડી ગયો હતો. યુવતીનો પત્તો ન લાગતા યુવતીના પરીવારે આ કેસમાં સંડોવાયેલા મનાતા એક યુવકનું અપહરણ કર્યું હતુ. દરમિયાન, અપહૃત યુવકના પિરીવારે પોલીસને જાણ કરતા પોલીસે અપહરણકારોને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુરમાં રહેતા એક પરિવાર ની યુવતીને ભાવેશ માળી નામનો યુવક ભગાડી ગયો હતો. જેથી યુવતિના પરિવારે યુવતીની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ યુવતીનો કોઈ પત્તો લાગ્યો ન હતો.ત્યારબાદ યુવતીના પરીવારને માહીતી મળી હતી કે યુવતીને ભગાડી જનાર યુવકની તમામ માહીતી ડીસા હાઈવે ઉપર રહેતા કાન્તીભાઈ રાવળ જાણે છે. જેથી યુવતિના પિતા સહીત ના ચાર



શખસોએ કાન્તીભાઈનું ગત મોડી રાત્રે ઈન્ડીકા ગાડીમાં અપહરણ કરી લીધુ હતુ.જેથી ગભરાઈ ગયેલો કાન્તીભાઈનો પરીવાર પશ્ચિમ પોલીસ સ્ટેશન દોડી જઈ સમગ્ર ઘટનાની આપબીતી વર્ણવી હતી. દરમિયાન, પોલીસે મામલાને ગંભીરતાથી લઈને જુદી-જુદી ટીમો બનાવી ડીસા ખાતેથી ૪ અપહરણ કારોને ઝડપી લીધા હતા. પોલીસે અપહરણ કરાયેલા કાન્તીભાઈ રાવળને મુક્ત કરાવતા પરિવારે હાશકારો અનુભવ્યો હોવાનું પશ્ચિમ પોલીસ સ્ટેશનના પી.આઈ. આર.કે. સોલંકીએ જણાવ્યું હતું.

# રાણી બોર્ડર પાસેથી ૧.૩ લાખનો દારૂ ભરેલ કાર પકડાઈ

હિંમતનગર, તા. ૧૧

વિજયનગર તાલુકાના રાણી બોર્ડર પાસેથી પાસ પરમીટ વિના ગુજરાતમાં લવાઈ રહેલ અંદાજે રૂ. ૧.૦૩,૫૦૦ની કિંમતના વિદેશી દારૂ ભરેલી કારને પોલીસે ઝડપી લીધી હતી અને તે અંગેની ફરીયાદ બુધવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં દાખલ કરાઈ હતી.

આ અંગે વિજયનગર પોલીસના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજસ્થાનથી ગુજરાતમાં પાસ પરમીટ વિના દારૂનો જથ્થો લવાઈ રહ્યો હોવાની બાતમી બુધવારે ઈડરના તથા ખેડબ્રહ્માના સીપીઆઈને મળતા તે બાબતે વિજયનગરના પીએસઆઈ એ.એન. ગઢવી તથા તેમના સ્ટાફે રાણી બોર્ડર પાસેથી પસાર થતા વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. દરમિયાન અહિંથી પસાર થતી ટાટા સુમો ગોલ્ડ નંબર જીજે.૦૨. બીડી.૮૭૭૩ શંકાસ્પદ જણાતા પોલીસે તેને ઉભી રખાવવા માટે પ્રયાસ કર્યો હતો પરંતુ કારનો ચાલક ભાગી ગયો હતો જેથી પોલીસે તેનો પીછો કરતા ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા કાર રોડની સાઈડમાં પીલ્લર સાથે ટકરાતા ટાયર ફાટી ગયુ હતુ જેથી કારનો ચાલક ભાગી ગયો હતો.

ત્યારબાદ પોલીસે કારની તલાશી લેતા તેમાંથી રૂ. ૧,૦૩,૫૦૦ની કિંમતની પાસ પરમિટ વિનાની વિવિધ માર્કાની અંદાજે ૩૩૭ બોટલ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો જેથી પોલીસે કાર તથા દારૂના જથ્થા સહિત અંદાજે રૂ. ૪ લાખથી વધુનો મુદ્દામાલ કબજે લીધો હતો અને ભાગી ગયેલા કારના ચાલક વિરૂદ્ધ વિજયનગર પોલીસસ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## હિંમતનગરના રાજ એપાર્ટમેન્ટમાંથી બાઈક ચોરાયુ

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ રાજ એપાર્ટમેન્ટ નીચે પાર્ક કરેલ અંદાજે રૂ. ૩૦ હજારની કિંમતના બાઈકની ચાર દિવસ અગાઉ અજાણ્યા શખ્સો ચોરી કરી ગયા હતા. જે અંગેની ફરીયાદ બુધવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે રાજ એપાર્ટમેન્ટમાં રહેતા સુરેશકુમાર કચરાભાઈ પરમારે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૭ જાન્યુઆરીની રાત્રે તેમણે નીચે પાર્ક કરેલ અંદાજે રૂ. ૩૦ હજારની કિંમતનું બાઈક નં. જીજે.૦૯. સીપી.૩૧૬૦ને અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા.

## કાટવાડની સીમમાં આવેલ ઓફીસમાં ચોરી

હિંમતનગરના કાટવાડ ગામની સીમમાં આવેલ જાસ્મીન કોમ્પલેક્ષમાં આવેલ એક ઓફીસમાંથી અજાણ્યા શખ્સો બુધવારે અંદાજે રૂ. ૯૩,૫૦૦ની કિંમતના લેપટોપ, કલર પ્રિન્ટર, મોબાઈલ તથા કેમેરાનું ડીવીઆર ચોરી ગયા હતા. જે અંગેની ફરીયાદ હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકમાં નોંધાવાઈ હતી. આ અંગે સવગઢમાં રહેતા ઈર્શાદઅહમદ અબ્દુલરહીમ સાબુગરે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેમની જાસ્મીન કોમ્પલેક્ષમાં આવેલ ઓફીસમાંથી અજાણ્યા શખ્સો બુધવારે વહેલી પરોઢે પાંચ લેપટોપ એક કલર પ્રિન્ટર, સગડી તથા મોબાઈલ અને ઓફીસમાં લગાડેલ કેમેરાનું ડીવીઆર મળી અંદાજે રૂ. ૯૩,૫૦૦ની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે ઈર્શાદ સાબુગરે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.